# ધોરણ - 1 ગણિત

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| M101 ૧ થી ૨૦ સુધીની સંખ્યા સાથે કમ કરે છે.<br>M102 વસ્તુઓને તેમના ભૌતિક ગુણધર્મો જેવા કે, આકાર, કદ અને બીજી જોઈ શકાય તેવી લાક્ષણિકતાઓ જેમ કે, ગબડવું અને સરકવુંના આધારે વર્ગીકૃત કરે છે.<br>M103 સંખ્યાનાં નામ મોઢે બોલે છે. અને ૨૦ સુધી વસ્તુઓ કે જે સ્થળ, ચિત્રાત્મક અને સાંકેતિક રૂપમાં ગણી શકે છે.<br>M104 ૧ થી ૯ સંખ્યાનો ઉપયોગ કરીને વસ્તુઓ ગણી શકે છે.<br>M105 ૨૦ સુધીની સંખ્યાની તુલના કરે છે.<br>M106 ૧ થી ૨૦ સુધીની સંખ્યાના સરવાળા અને બાદબાકીનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.<br>M107 સ્થૂળ વસ્તુઓના ઉપયોગથી ૯ સુધીના સરવાળાના તથ્યો બનાવે છે.<br>M108 ૧ થી ૯ સંખ્યાના ઉપયોગથી બાદબાકી કરે છે.<br>M109 ૯ સુધીની સંખ્યાના સરવાળા અને બાદબાકીની રોજિંદા જીવનને લગતી સમસ્યાઓનો ઉકેલ લાવે છે.<br>M110 ૯૯ સુધીની સંખ્યાઓઓળખે છે. અને લખે છે.<br>M111 આકારો અને આકૃતિઓનું તેનાં જોઈ શકાય તેવાં લક્ષણોને આધારે વર્ણન કરે છે.<br>M112 આંગળીઓ, વેંત, હાથની લંબાઈ,પગનો પંજો વગેરે જેવા બિન એકરૂપ પરિમાણની મદદથી નાની લંબાઈનો અંદાજ કાઢી શકે છે. અને માપી શકે છે. | સંખ્યા જ્ઞાન<br>૨૦ સુધીની સંખ્યાના સરવાળા બાદબાકી<br>દૂર પાતળું -ટૂંકું જાડું -નજીક લાંબુ- વર્ગીકરણ<br>રમત માટેના ચલણથી ખરીદી અને વેચાણની પ્રક્રિયા | બધા વિદ્યાર્થીઓને જૂથમાં, બે બે ની જોડીમાં, સમૂહમાં કે વ્યક્તિગત રૂપે કાર્ય કરવાની તક મળશે અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે .<br>• પોતાની આસપાસના સંદર્ભો વાતાવરણ અને પરિસ્થિતિનું અવલોકન કરે અને જુદી વસ્તુઓ જે પોતાના વર્ગખંડની અંદર કે બહાર હોય તેના સ્થાન સંબંધી શબ્દો અને ધારણાઓ જેમ કે ઉપર નીચે અંદર-બહાર ઉપર-તળિયે પાસે -દૂર પહેલાં- પછી જાડું-પાતળું મોટું -નાનું વગેરેનો સમજ સાથે ઉપયોગ કરે.<br>• દૂર -નજીક લાંબુ- ટૂંકું જાડું- પાતળું વગેરે ચીજોની ઓળખી ચિત્રો દ્વારા દર્શાવે છે.<br>• મૂર્ત વસ્તુ કે નમૂનાઓ સાથે કામ કરે છે. અને એમનું વર્ગીકરણ કરે છે. ઉદાહરણ તરીકે વસ્તુઓ કે જે ગોળ છે. જેમ કે રોટલી દડો વગેરે, અનેક ગોળ નથી જેમ કે પેન્સિલ બોક્ષ વગેરે.<br>• વસ્તુઓ ગણવી. ઉદાહરણ તરીકે આપેલા સમૂહમાંથી નવ જેટલી વસ્તુઓ કાઢવી. જેમકે આપેલા ખોખામાંથી આઠ પાન, ચાર મોતી કે છ આઈસ્ક્રીમની ચમચીઓ લેવી.<br>• વસ્તુઓના આપેલા સમૂહમાંથી ગણીને ૨૦ જેટલી વસ્તુઓ કાઢવી.<br>• બે સમૂહમાંથી એક એકની જોડીની યુકિત (એક એક સંગતતા)નો ઉપયોગ કરી કઈ વધારે છે. અથવા ઓછી  છે. કે પછી બન્ને બરાબર છે. એવા શબ્દોનો પ્રયોગ કરવો.<br>• નવ સુધીના અંકોનો સરવાળો કરવો.  આ માટે જુદી જુદી યુક્તિનો ઉપયોગ કરવો. જેમ કે આગળ ગણવું, પહેલાથી જાણતા હોય તે સરવાળા  કરવા અને તથ્યોનો ઉપયોગ કરવો.<br>• નવ સુધીની સંખ્યાઓની બાદબાકી માટે જુદી જુદી  યુક્તિઓનો ઉપયોગ અને  વિકાસ કરવો. જેમકે આપેલા સમૂહમાંથી નક્કી |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| M113 આકારોના ઢાંચા અને સંખ્યાનું અવલોકન કરી, વિસ્તૃતીકરણ કરે છે. અને જાતે બનાવે છે. ઉદાહરણ તરીકે આકારો, વસ્તુઓ, સંખ્યા વગેરેને ગોઠવવાં. જેમ કે,<br>૧)<br>(૨) ૧,૨,૩,૪,૫, ...<br>(૩) ૧,૩,૫,...<br>(૪) ૨,૪,૬,...<br>(૫) ૧,૨,૩,૧,૨,....,૧,....,૩,....<br>M114 આકૃતિ અને સંખ્યાઓના ઉપયોગ દ્વારા સરળ ચિત્રને લગતી સામાન્ય સૂચનાઓ ભેગી કરે છે., લખે છે. અને તેનો અર્થ બતાવે છે. (દા.ત. બાગના ચિત્રમાં વિવિધ કલરના ફૂલ જુએ છે. અને કયા રંગના ફૂલ વધારે છે. તેનું અનુમાન કરે છે.)<br>M115 શૂન્યની સંકલ્પના વિકસાવે છે. | અપ્રમાણિત એકમોથી માપન | સંખ્યાની વસ્તુઓ કાઢવી અને પાછળથી બચેલી વસ્તુઓને બીજી વખત ગણવી.<br>• સમૂહ કરીને કે આગળ ગણવું  અથવા તથ્યોના ઉપયોગ દ્વારા સુધી સંખ્યાઓનો (કે જેનો  જવાબ ૨૦થી વધારે ન થાય) સરવાળો કરવો.<br>• વસ્તુઓ ચિત્રો દ્વારા બાકી કરવાની વિવિધ યુક્તિઓ નો ઉપયોગ કરવો.<br>• દસના સમૂહ અને એકમોના સ્વરૂપમાં દસથી મોટી સંખ્યાઓ ગણવી. જેમકે ૩૪ માં દસ દસના ત્રણ સમૂહ અને આઠ એકમ છે.<br>• સ્પર્શ કરીને કે અવલોકન દ્વારા વસ્તુઓને તેમની સમાનતા કે અસમાનતા ના આધારે વર્ગીકૃત કરવી.<br>• નક્કર વસ્તુઓ કે આકૃતિઓને વિભિન્ન ગુણના આધાર પર વર્ગીકૃત કરવી અને કરવાની ક્રિયાને શબ્દોમાં વ્યક્ત કરવી.<br>• રમત માટેના સિક્કાઓની મદદથી વીસ રૂપિયા સુધીની કિંમત વાળી વસ્તુઓ  અને સિક્કાઓ બતાવવા.<br>• આસપાસના પર્યાવરણ માં નાના નાના એકમો નું માપન અપ્રમાણિત એકમો ના માધ્યમથી કરવું જેમ કે આંગળી,  ભેદ હાથ પગલાં વગેરે .<br>• વર્ગમાં પેટર્નની ગોઠવણી કરી તેના પર ચર્ચા કરવાની અને બાળકોને પેટર્નનું વર્ણન કરવાની તક આપવી બાળકો પોતે નક્કી કરે છે. હવે આગળ શું આવશે અને પોતાના જવાબ માટે યોગ્ય તર્ક બતાવે.<br>• ચિત્રો અને સ્થિતિનું અવલોકન કરી સૂચના એકઠી કરવી જેમકે વસ્તુઓની સંખ્યા. |

DRAFT